જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૮/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૫૫૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૧૭ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૪૬ લીટર દેશી દારૂ અને ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨,૧૯૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૫૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ૦૯ વ્યક્તિઓની તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૫૬૦/૧૭

**કાગડાપીઠ :** મુકેશભાઇ કનૈયાભાઇ લાલવાણી (ઉ.વ.૩૭)(રહે,ક્રિષ્ણ કુંજ સોસાયટી બંગલા નં ૬ માયા સિનેમા રોડ, હોમગાર્ડ મેદાનની પાછળ કુબેરનગર) એ તા.૧/૮/૧૭ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૧/૨૦૧૫ થી તા.- ૨૮/૧૦/૨૦૧૬ ના સમયગાળા દરમ્યાન આરોપી “શ્રીસાંઇ ફેબ્રિક” નામની દુકાન નં.ઇ-૨૧૫ ના પ્રોપરાઇટર કરણભાઇ મહેશકુમાર રામચંદાની (રહે.મોરલી મનોહર સોસાયટી, બંગલા નં૭, હરનામદાસ સોસાયટીની બાજુમાં, બંગલા એરીયા કુબેરનગર)એ મુકેશભાઇને વિશ્વાસ અને ભરોસો આપી તેમની પાસેથી અલગ-અલગ ચેક તથા નેટ બેંકિંગ દ્વારા તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૭૧,૯૬,૩૨૮/- ધંધા અર્થે ઉછીના આપેલ જે પૈકી રૂપીયા ૩૬,૯૭,૮૫૭/- ચેક તથા નેટ બેંકિંગ મારફતે પરત આપેલ પરંતુ બાકી લેવાનાં નીકળતાં કુલ રૂપીયા ૩૪,૯૮,૪૭૧/- પરત નહી આપી, મુકેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.

ઘરફોડ :- સમાચાર યાદી નં.૧૫૬૧/૧૭

**અમરાઇવાડી :** રજનીકાંત ચપંકલાલ શાહ (રહે,ક્રિષ્ણા એપાટમેન્ટ ગોપાલ ટાવરની બાજુમાં મણીનગર) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૭/૧૭ રાતના ૮/૦૦ થી તા.૧/૮/૧૭ સવારના ૮/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન મથુર માસ્તર એસ્ટેટ શેડ નં-બી/૧૦ નીકીતા ઈન્ડસ્ટ્રીઝ તથા ૨૧૧ આકાશ ઈન્ડસ્ટ્રીઝ તથા શ્રમજીવી વસાહત સોરાષ્ટ પતેલ સોસાયટી પાસે કારખાનાનાં શટર તોડી, અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી, પ્રથમ રૂમમાં સી.સી.ટી.વી કેમેરાનુ ડીવી.આર. કિંમત રૂપિયા ૪૦૦૦/-, એક સી.સી.ટી.વી કેમેરો કિંમત રૂપિયા ૧૫૦૦/-, લીનોવા કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/-, સેમસંગ કંપનીનુ સ્કીનકિંમત રૂપિયા ૩,૦૦૦/-, કબાટમાં મુકેલા રોકડ રૂપિયા ૨,૧૫,૦૦૦/- તેમજ અગત્યનાં દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૨,૭૩,૫૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોઈ.શ્રી ઓ.એમ.દેસાઈ ચલાવે છે.

**દાણીલીમડા :** અબ્દુલલતીફ મોહમદહનીફ રંગરેજ (રહે,ઝેડ ડુપ્લેક્ષ અલહબીબ સોસાયટીની સામે ગુડલક બેરલ માર્કેટની અંદર દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૦૮/૧૭ ના કલાક ૪/૦૦ થી બપોરનાં ૩/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાનાં બંધ મકાનનાં દરવાજાના લોક તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- અને મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧,૦૦૦/- તથા રોકડા રૂપીયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૬,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

ચોરી :- સમાચાર યાદી નં.૧૫૬૨/૧૭

**સોલા હાઇકોર્ટ :** સુનિલભાઇ પ્રફુલભાઇ કોટીયા (રહે,દેવનંદન કોમ્પ્લેક્ષનાં બીજો માળે, ચાણક્યપુરી બ્રીજ પાસે સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૦૮/૧૭ નાં કલાક ૮/૩૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન સુનિલભાઇની ઓફીસ (ડી-૧૬ શાયોના શોપિંગ કોમ્પ્લેક્ષ વિશ્વાસ સીટી -૧ ચાણક્યપુરી ઘાટલોડીયા) ખાતે ૩૦ થી ૩૫ વર્ષના આશરાનો પુરૂષ ઓફીસમાં એ.સી.રીપેર કરવાના બહાને આવી, ઓફીસનું ડ્રોવર કોઇ સાધન વડે તોડી, રોકડા રૂપિયા ૧,૫૦,૦૦૦/- ની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**કૃષ્ણનગર :** મેહુલ સ/ઓ દેવજીભાઈ પરમાર (રહે,રતનપાર્ક સોસાયટી, ગાયત્રી સ્કુલ પાસે ખોડીયારનગર નિકોલ રોડ) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૦૮/૧૭ નાં કલાક ૯/૩૦ વાગ્યાનાં સુમારે સહજાનંદ ઈંડ્રો હેડ કેયુર પાર્ક કોપ્લેક્ષ ખાતેની પોતાની દુકાનમાં કાઉન્ટર નીચે મુકેલ બેગ કે જેમા રોકડ રૂપીયા ૨,૭૮,૦૦૦/- તથા બે લેપટોપના સ્પેરપાર્ટ કિંમત રૂપીયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૯૩,૦૦૦/- મતાની કોઈ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**ઇસનપુર :** અમૃતલાલ મહાદેવભાઈ મહેશ્વરી (રહે.હેમેન્દ્ર પાર્ક સોસાયટી, ગોવિંદવાડી ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૮/૧૭ નાં કલાક ૧૨/૦૦ વાગ્યાનાં સુમારે ઘોડાસર ચાર રસ્તા કેનાલ રોડ પર ત્રણ અજાણ્યા ઇસમો અમૃતલાલને રિક્ષામા બેસાડી અમૃતલાલનું રોકડ રૂપીયા ૬૨,૦૦૦/- મુકેલ પાકિટ ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એમ.ડી પંચાલ ચલાવે છે.

<u>કરંટ લાગતાં મૃત્યુ:-</u> <u>સમાચાર યાદી નં.૧૫૬૩/૧૭</u>

**ખાડીયા : ભાવિનભાઇ ગોવિંદભાઇ વ્યાસ (રહે,ગલીયારાની પોળ ભુતની આંબલી રાયપુર)** તા.૧/૮/૧૭ સવારનાં ૯/૦૦ વાગ્યાના સુમારે **ઘર આગળ આવેલ મંદિરમાં પુજા કરવા ગયેલા તે સમયે મંદિરની સ્વીચ ચાલુ કરતા, અચાનક કરંટ લાગી જતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમને વા.સા.હોસ્પિટલમાં લાવતા ફરજ પરનાં ડો.શ્રીએ ભાવિનભાઇને મૃતજાહેર કર્યા હતા.** આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી **એમ.એચ.વ્યાસ** ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૫૬૪/૧૭</u>

**સાબરમતી :** જાનુ અશોકકુમાર શાહ (ઉ.વ.૨૨)(રહે.અબુઁદાનગર સોસાયટી, ડી" કેબિન સાબરમતી) છેલ્લા ત્રણેક માસથી માનસિક ટેંશનમાં રહેતાં હોઇ, તા.૧/૮/૧૭ નાં કલાક ૧૨/૪૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ટ્રેઇન નીચે આવી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શશીકાંત ભાઉરાવ ચલાવે છે.

**સરદારનગર :** શોભારામ જયરામ યાદવ (રહે,નંદીગ્રામ સોસાયટી, નોબલનગર સરદારનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧/૮/૧૭ નાં કલાક ૧૨/૧૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ફિનાઇલ પીધેલ હોઇ સારવાર અર્થે તેમને રાજસ્થાન હોસ્પિટલ ખાતે લાવેલ હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિપકકુમાર શ્રીકૃષ્ણરાવ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.